JKD HC



**ખુબજ અગત્યનું**

ક્રમાંકઃહ–૨/સ્કો/૨૦૧૯/૧૨૮૭-૧૩૩૬
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં.૧૨, બીજો માળ
ગુ.રા. ગાંધીનગર
તા.૧૯/૦૮/૨૦૧૯

પ્રતિ,
– આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ. મા. શાળાઓ..તમામ
– પ્રિન્સીપાલશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ કોલેજો... તમામ.

વિષયઃ– લઘુમતિ જાતિની શિષ્યવૃત્તિ બાબતે **નેશનલ સ્કોલરશીપ પોર્ટલ** ઉપર શાળા/કોલેજોના ઓનલાઈન વેરી ફીકેશન કરવા બાબત..

સંદર્ભઃ– નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંકઃવિજાક/શિક્ષણ/૨૦૧૯–૨૦/૧૩૦૫૧–૩૦૮૩ તા.૩૧/૭/૨૦૧૯

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે સંદર્ભ દર્શિત પત્રની વિગતો જોતાં નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરી તરફથી તેઓના તાબાની જિલ્લાઓની કચેરીઓમાં પરિપત્ર કરેલ છે. જે મુજબ ભારત સરકારશ્રીના નેશનલ સ્કોલરશીપ પોર્ટલ ઉપરની ભારત સરકારશ્રીની યોજનાઓ પૈકીની <u>લઘુમતિ જાતિની શિષ્યવૃત્તિ યોજના</u> (Scholarship Scheme for minority communities) હેઠળનો લાભ લેનાર જે શાળા/કોલેજોના વિધાર્થીઓ આ યોજનાનો લાભ લેવા માંગે છે તે તમામ શાળા/કોલેજોએ ચાલુ વર્ષ.૨૦૧૯માં ફરજીયાત ઓન લાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું છે અને નવા આઈડી તથા પાસવર્ડ મેળવી લેવાના છે. તેમજ જેઓની પાસે છે તેઓએ લોગીન કરીને તેઓની Profile Update માં Registration Certificate Upload કરી વિગતો ફરજિયાત Submit કરવાની સૂચના આપેલ છે. અને તે રીતે તે કાર્યવાહી પૂર્ણ કરીને પોતાની શાળા કે કોલેજનું જિલ્લા કક્ષાએ વેરીફીકેશન કરાવવાનું છે.

આ બાબતે શાળા/કોલેજોએ આઈડી/પાસવર્ડ મેળવવા અને વેરીફીકેશન કરાવવા માટે જે તે જિલ્લાની જિલ્લા નાયબ નિયામકશ્રી, વિ.જા.ની કચેરીનો સંપર્ક કરવા માટે જણાવેલ છે.

**<u>આ બાબતની કાર્યવાહી કરવા માટે કેટલીક શાળાઓ તરફથી અત્રેની કચેરીને વારંવાર પૃચ્છા કરવામાં આવે છે</u>**. પરંતુ આ પ્રકારની સૂચનાઓ સમાજ કલ્યાણ ખાતાની વડી કચેરી તરફથી તેઓના તાબા હેઠળની જિલ્લાની કચેરીઓને આપવામાં આવેલ છે અને સમાજ કલ્યાણ ખાતાની જિલ્લા કક્ષાની કચેરીઓ તરફથી જે તે શાળા/કોલેજો/સંસ્થાઓને સૂચના આપવામાં આવેલ છે. આમ સદર કાર્યવાહી સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે જરૂરી માર્ગદર્શન કે સહયોગની જરૂર હોય તો શાળા/કોલેજોએ પોતાના **<u>જિલ્લાની સબંધિત જિલ્લા સમાજ કલ્યાણની કચેરી(વિ.જાતિ)</u>**નો સંપર્ક કરવાનો થાય છે. જેથી આ કામગીરી પૂર્ણ કરવા માટે જરૂર જણાયે

JRD HC

આપના જિલ્લાની જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિની કચેરીનો જિલ્લા કક્ષાએજ બારોબાર સંપર્ક કરવાનો રહેશે અને તેઓની પાસેથી આઈડી/પાસવર્ડ મેળવવાની અને વેરીફીકેશન કરાવવાની કાર્યવાહી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા. ગાંધીનગર

<u>સવિનય નકલ રવાના :–</u>

– સચિવશ્રી, માધ્ય. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર તરફ આપની કચેરીની વેબ સાઈટ ઉપર મૂકવા સારૂ.
– જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ. શિ. અધિકારીશ્રીની કચેરી, જિલ્લા.તમામ તરફ આપના તાબા હેઠળની તમામ શાળાઓને આ બાબતની જાણ કરવા સારૂ.
– શ્રેયાન અધિક્ષકશ્રી, આઈ.ટી.શાખા, કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોકનં.૯, ડૉ.જી.મ.ભવન, ગાંધીનગર તરફ આપની કચેરીની વેબ સાઈટ ઉપર મૂકવા સારૂ..
– નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, બ્લોકનં.૪, ત્રીજો માળ, ડૉ.જી.મ.ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂ..

આ બાબતે વધુ માહિતી માટે ફોનનંબર- ૦૭૯ ૨૩૨૫૪૦૨૨ ઉપર સંપર્ક કરી શકશો.